સંસારી સાવિત્રી

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિતવર્ધક" નાટક કંપનીને માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃત્તિ ચોથી પ્રત ત્રણ હજાર.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૮

કીંમત રૂ૦ ૦–૨–૦

સાવિત્રી નાટકનાં પાત્રો.

કાન્તિલાલ... ... ...મુંબાઇ નિવાસી ધનાઢ્ય શેઠ.
મોતીલાલ... ... કાન્તિલાલનો નિમકહલાલ મુનિમ.
છબીલદાસ... ... કાન્તિલાલનો નિમકહરામ મુનિમ.
વાડીલાલ... ... ... કાન્તિલાલનો ભાણેજ વર.
જીજી ... ...વાડીલાલની સ્ત્રી; કાન્તિલાલની ભાણુજી.
શાન્તિલાલ ... ...કાન્તિલાલનો ભાણેજ.
ગવરી ... ... શાન્તિલાલની સ્ત્રી.
શિવલાલ, વિરંચીલાલ ... ... શાન્તિલાલના પુત્રો.
વૃજલાલ, અમૃતલાલ ... ... વાડીલાલના પુત્રો.
જડાવ ... ... મોતીલાલની સ્ત્રી.
સાવિત્રી (વિરંચીની થનાર પત્ની) મોતીલાલની પુત્રી (નાટકની નાયકા)
નર્મદા ... ... મોતીલાલની બ્હેન, છબિલની સ્ત્રી.
ઉત્તમલાલ ... ...છબિલદાસનો પુત્ર.
હેમાશા ... ...પુના નિવાસી લોભી શેઠ.
છગન, મગન ... ...હેમાશાના ભત્રિજા.
ભવાનીશંકર ... મોતીલાલનો આશ્રિત વિશિભટ.
શિવશર્મા, વિશ્નુશર્મા ... ... વિદ્યાવિલાસી બ્રાહ્મણો.
સાકરલાલ ... મુંબાઇ નિવાસી સદાચારી મિલઓનર શેઠ.
ઉમયા .. ..સાકરલાલની પુત્રી.
જયા, વેણી ... ... ઉમયાની સખીયો.

જજ્જ, વકીલો, બારીસ્ટરો, પટાવાલા, રસોઇઓ, ઘાટી, શિરસ્તેદાર, ગોવાળ, પ્યારીજાન વિગેરે.

શ્રી હરિ

"સંસારી સાવિત્રી" નાટકનો

ટુંક સાર.

અંક પહેલો.

૧. ૧. નાંદિ.—નટી. આરંભેલું કાર્ય નિર્વિઘ્ને સમાપ્ત થવા ઇશ્વર સ્તુતિ કરે છે.

પ્ર. ૨.—મુંબઇમાં કાન્તિલાલ નામના વેપારી ગ્રહસ્થ રહે છે. તેને લક્ષ્મી તથા સરસ્વતી નામની બે બહેનો છે. લક્ષ્મીને શાન્તિલાલ નામે દીકરો છે. ને સરસ્વતીને જીજીબાઇ નામે દીકરી છે. જીજીબાઇ વાડીલાલ નામના વકીલને પરણી છે. જેથી તેની સ્થિતિ સારી હતી અને શાન્તિલાલ વિદ્વાન તેમજ નીતિ વાળો છતાં બચરવાળ અને ખરચાળ હોવાથી કાન્તિલાલે પોતાની પાંચ લાખની મિલ્કતનો વારસ બનાવવાને વિચાર કર્યો તે ઉપરથી જીજીબાઇને ઘણાં આવી વીલ અટકાવવા મહેનત કરી. પણ શાન્તિલાલેજ તે મિલ્કત લેવા ના પાડી અને ધર્માદામાં ખરચવા કહ્યું. આખર શાન્તિલાલ અપમાન પામી પોતાના કુટુંબ સહિત અમદાવાદ ગયો. અને પાછળથી શેઠ કાન્તિલાલ નીમકહરામ મુનીમ છબીલદાસ અને જીજીબાઇ તથા વાડીલાલના કાવતરાંનો ભોગ થયો....

પ્ર. ૩. માં—વાડીલાલ, જીજીબાઇ તથા છબીલદાસ ત્રણેના પ્રપંચથી ખોટું વિલ બનાવી કાન્તીલાલના બીજા નીમકહલાલ મુનીમ મોતીલાલ (નાટકની નાયિકા સાવિત્રીના પીતા) ને બતાવે છે પણ તે વીલ બનાવટી જાણી, મોતીલાલ ઇન્કાર કરે છે. વાડીલાલ

તથા છબીલદાસ મોતીલાલને લાંચ આપી ફસાવવા ધારે છે. પણ મોતીલાલ તે નહીં લેતાં ઉલટો ધિક્કારી કાઢે છે. અને ઉપલી મિલ્કતની વારસ જીજીબાઇ થાય છે.

પ્ર. ૪. માં—પુનામાં રહેનાર હેમાશાએ વૃધ્ધ વયમાં સ્ત્રી પરણવાના વિચાર કરવા. ત્યાં તેના ભત્રીજા છગન તથા મગને તેને શીખામણ આપવી.

પ્ર. ૫. માં—અમદાવાદમાં શાન્તિલાલના દીકરા વિરંચીલાલ તથા શિવલાલની નીતિયુકત વાતચીત. શાન્તિલાલનો મંદવાડ અને તેની સ્ત્રી ગવરીના આગ્રહથી હવા ફેર માટે મુંબઇ જવાની તૈયારી.

પ્ર. ૬. માં—મોતીલાલની પુત્રી સાવિત્રીનું ડહાપણ. તેની અપરમા જડાવની ઝેર ભરી દષ્ટી અને સાવિત્રીનો સંબંધ કરતાં પૈસા લેવા ન લેવા વિષે દંપતીની તકરાર.

પ્ર. ૭. માં—વાડીલાલના પુત્ર વૃજલાલ તથા અમૃતલાલની અનીતિમય વાતચીત. વાડીલાલની તેના પ્રત્યે ઇંતરાજી તથા જીજીનો પ્યાર અને હરામના પૈસાનો ગેરઉપયોગ.

પ્ર ૮. માં—શાન્તિલાલે મુંબઇમાં આવી ધંધાની તજવીજ કરવી. મોતીલાલનું ત્યાં આવવું. શાન્તિલાલના કુટુંબની વાણીથી કુલીનતા જાણી સાવિત્રીનું વીરંચી સાથે સગપણ કરવું. તથા તે પ્રસંગમાં બે બ્રાહ્મણોને અભણ જાણવાથી ખરચી આપી કાશીએ ભણવા મોકલવા વિગેરે.

પ્ર. ૯. માં—છબીલદાસે તેજ બ્રાહ્મણોને કોઇ વૃધ્ધ વર મોકલવા કહેવું. મોતીલાલની આપેલી સોનાની માળા ગુમ કરી પીતળની માળાથી પોતાની બેરી નર્મદાને ભોળવી તેના ભાઇ મોતીલાલ સાથે વિક્ષેપ પાડવો વિગેરે.

પ્ર. ૧૦. માં—જીજીનું ઉડાઉપણું. વાડીલાલનો અણગમો. વૃજલાલને કયાંઇ નોકર રાખવા વિચાર, જડાવ તથા વૃજલાલનો આડો વહેવાર, શાન્તિલાલને મારવા વાડીલાલ તથા છબીલનો વિચાર અને ગવરીનો તિરસ્કાર.

પ્ર. ૧૧. માં—મોતીલાલે ચતુરાઇથી સાવિત્રી પ્રત્યે જડાવ તથા જીજીની ક્રૂરતા જોવી. શાન્તિલાલને દવા આપી આવેલા ડાકટર નંદલાલે મોતીલાલને પણ લઇ જવા વિચાર કરવો. ત્યાં મોતીલાલે શુદ્ધિમાં આવી જડાવને ધિક્કારવી. જીજી તથા ડાકટરનું નાસવું. ને વિરંચીના આવવાથી મોતીલાલે શાન્તિલાલની સારવાર માટે જવું. તથા સાવિત્રીએ ઉતમ સાથે વિરંચીને કાગળ મોકલવો વીગેરે.

પ્ર. ૧૨. માં—અપુત્ર શેઠ સાકરલાલની પુત્રી ઉમયાનો ભાઇ માટે અફસોસ. વાડીલાલે સાકરલાલને ત્યાં વૃજલાલને નોકર રાખવો; તથા મોતીલાલે સાકરલાલ શેઠને ત્યાં શિવલાલને નોકર રાખી દવા પીતાં બેભાન થઇ નાશી ગયેલા શાન્તિલાલની શોધમાં જવું.

અંક બીજો.

પ્ર. ૧. માં—શાન્તિલાલની પાછળ ગવરીનો અફસોસ. તેના બંન્ને પુત્રોએ ધીરજ દેવી અને છબીલના દીકરા ઉત્તમે સાવિત્રીનો કાગળ વિરંચીને પહોંચાડવો.

પ્ર. ૨. માં—શેઠ સાકરલાલે શિવલાલ તથા વૃજલાલની પરીક્ષા કરી વૃજલાલપર ગુસ્સે થવું અને શિવલાલના માન, પગારમાં વૃદ્ધિ કરવી.

પ્ર. ૩. માં—મોતીલાલના આશ્રિત ભવાનીભટની વીશીમાં હેમાશાનું આવવું, ત્યાંથી છબીલદાસ સાથે સાત હજાર રૂપૈયા ઠરાવી પરણવા જવું અને વીશીભટે તેમાં માહેતગાર થઇ સાવિત્રીને બચાવવાના ઉપાય લેવા.

પ્ર. ૪. માં—મોતીલાલની બ્હેન નર્મદાને ત્યાં વિરંચી તથા સાવિત્રીની પ્યાર ભરભેટ, ભવાની ભટે આવી નર્મદાને મજકુર ખબર આપવી અને સાવિત્રીને બચાવવા ઉત્તમલાલને સ્ત્રીનાં કપડાં પહેરાવી સાથે લઇ જડાવને ત્યાં જવું.

પ્ર. ૫. માં—છબીલે તથા જડાવે મળી હેમાશા પાસેથી સાત હજાર રૂપૈયા લેવા ત્યાં નર્મદા તથા ભટે આવવું અને સાવિત્રીની બદલ ઉત્તમલાલને હેમાશા સાથે પરણાવી દેવા વીગેરે........

પ્ર. ૬. માં—સાવિત્રીએ જડાવ તથા છબીલના જુલમથી કંટાળી ભાગી નીકળવું. ત્યાં રસ્તામાં વિરંચીની પ્રેમી ભેટ.

પ્ર. ૭. માં—હેમાશાને ત્યાં ઉત્તમલાલે પ્રપંચથી ધુણી માતાના ચમત્કારે સ્ત્રીમાંથી પુરૂષ થવું. ત્યાં શહેરના માણસોએ આવી હેમાશાની ફજેતી કરવી.

પ્ર. ૮. માં—વૃજલાલનું પ્યારીજાનને ત્યાં આવવું. ત્યાં તેનું અનીતિભરેલું આચરણ જોઇ જડાવે ક્રોધ કરવો.

પ્ર. ૯. માં—શેઠ સાકરલાલે વૃજલાલની ચોરી પકડી તેને રજા આપવી. તથા શિવલાલને મીલનો અર્ધ ભાગીદાર બનાવવો.

પ્ર. ૧૦. માં—મોતીલાલે જોગીના રૂપમાં વાસુકીદેવના આશ્રમમાં રહી દિવાના શાન્તિલાલની દવા કરવી. આશ્રમની ગાયો દોવા ગોવાળે આવવું તથા અનાયાસે સાવિત્રીનું આવી ત્યાં રહેવું.

પ્ર. ૧૧. માં—ઉમયાએ સખીયો સાથે ગરબો ગાવો, વૃજલાલે આવી ઉમયા પર હુમલો કરવો, તેને ઉમયાની સખીઓએ ધિક્કારી કાઢવો ને શિવલાલ સાથે ઉમયાએ સ્નેહ યુકત વાતો કરવી.

અંક ત્રીજો.

પ્ર. ૧. માં—ઉત્તમલાલે હેમાશાના ઘરમાંથી હાથ ફેરો કરી ચાલી નીકળવું, હેમાશાએ સ્ત્રી તથા પૈસાના વિયોગથી બેભાન થવું અને તેના ભત્રીજા છગન તથા મગનના પ્રપંચથી મુંબઇ તરફ ચાલી નીકળવું.

પ્ર. ૨. માં—વિરંચી પાસ થયો તથા શિવલાલ મીલનો ભાગીદાર થયો જેથી ગવરીએ ખુશી થવું. વૃજલાલે બંગલાના ભાડા માટે આવવું, શિવલાલે ચાકરલાલના સોગન તોડી ભાડું આપવું અને ઉત્તમલાલ પાસેથી સાવિત્રીના સમાચાર સાંભળી વિરંચીલાલે તેની સાથે જવું.

પ્ર. ૩. માં—વાડીલાલે તેના બન્ને દુરાચરણી પુત્રો ઉપર ગુસ્સે થવું, બાદ જીજી સાથે કોટમાં જવું. પાછળથી વૃજલાલે તથા અમૃતલાલે લડાઇ કરવી, રસોયા શંકરભાએ છુટા કરવા અને અંતે જડાવના ગુસ્સા તળે બન્ને ભાઇઓએ ફરવા જવું.

પ્ર. ૪ માં.—જડાવે વૃજલાલના બદલ અમૃતલાલનું ખૂન કરી નાશી જવું, ત્યાં રોનમાં નીકળેલા પોલીસ રૂબરૂ અમૃતલાલે પૂર્વ લડાઇને લીધે શંકિત થઇ વૃજલાલનું નામ લેવું. પોલીસ અમલદારે અમૃતલાલને ગ્યાટપર મોકલી વૃજલાલની તપાસ માટે જવું.

પ્ર. ૫. માં—જડાવે પોતાને ઘેર વૃજલાલને જોઇ ચમકવું, તેનાપર ગુન્હો સાબીત થવાના વિશેષ પુરાવા માટે પોતાના ઘરના તાળાની ચાવી ગુમ કરી તાળું તોડાવતાં વૃજલાલનો હાથ કાપવો ને પોતે ભાગી નીકળવું.

પ્ર. ૬. માં—વાડીલાલે પોતાના પુત્રોની તપાસ ચલાવવી, પોલીસ

અમલદારે છુપાઇને સાંભળવું. લડાઈ બાબત શંકરની સાક્ષી પડી વ્રજલાલે આરોપી તરીકે પકડાવું અને જીજીએ અફસોસ કરવો.

પ્ર. ૭. માં—વાસુકીદેવના આશ્રમમાં શાન્તિલાલને આરામ થવો, વિરંચી તથા સાવિત્રીનો મેળાપ, જડાવનું સર્પ ડંશથી મરણ અને મરતી વખતે પોતાના પાપ પ્રગટ કરવાં. તે સાંભળી મોતીલાલ આદિ સર્વ મંડળેવ્રજલાલને બચાવવા જવું.

પ્ર. ૮. માં—સાકરલાલે ગવરી તથા શિવલાલનો સત્કાર કરવો, શિવલાલને સર્વ મિલ્કત બક્ષીસ કરવી. અને ઉમયાને પરણવા વચન લેવું, બાદ ગવરી તથા ઉમયાની હર્ષમય વાતચીત.

પ્ર. ૯. માં—વાડીલાલે પૈસા તથા પુત્રો માટે પસ્તાવો કરવો, લેણીયાતે ઉઘરાણી કરવી, છબીલદાસે તેઓને સમજાવવા અને જીજીબાઇએ આનાકાની સાથે શિવલાલને ત્યાં આશરો લેવા જવું.

પ્ર. ૧૦. માં—ગવરીને સર્વ સ્નેહીની ભેટ થવી, વિરંચી સાથે સાવિત્રીનો તથા શિવલાલ સાથે ઉમયાનો હસ્તમેળાપ. સાકરલાલની કદરદાનીની તથા શાન્તિલાલના કુટુંબની નીતિની વડાઈ, જીજી તથા વાડીલાલને શિવલાલે આશ્રય આપવો અને છબીલદાસને સર્વ મંડળે ધિક્કારી કાઢવો.

પ્ર. ૧૧. માં—હાઈ કોર્ટના જજ્જે નિયમસર કામ ચલાવી વિરંચીની વકીલાતથી તથા મોતીલાલની સાક્ષીથી વ્રજલાલને છુટો કરવો. સાકરલાલની દયાળુ વૃત્તીને ધન્યવાદ આપવો, અને અંતે નિતિનો જય છે એ વિષેનું ગાયન.

શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

સંસારી સાવિત્રી નાટકનાં

ગાયનો.

અંક ૧ લો.

(૧)

નટી...બાળાઓ...

જય જય વિશ્વપતિ, વિભુ પ્રેમથી પ્રણમું
વિમળ કરો વાણી, સુખકર શ્રીવર...............જયજય.
નારદ શારદ તવ જશ ગાયે,
પ્રેમથી સારંગ પાણી, ભયહરા સુંદર...............જયજય
દેશ દેશ કેળવણીના વૃદ્ધિ વિશેશ,
વેલી થઇ પથરાયે દેશ ઉન્નત કરી સુખ,

કરો સ્વાધીન, નીજ જન જાણી, અનહદ
સુખ કરો સુંદર........જયજય.

(૨)

મોતીલાલ...ગમાર આ વિચાર તું, શાને કુડી કરે તું કૃતિ.
છબીલ......કુડી કે રૂડી આ મળે છે મુડી વાહ
મોતીલાલ...તેમાં ધુળ પડી નીમકહરામ, તુજ થાશે બદનામ.
કહું છું ખરૂં ફરી ફરી કહું છું ખરૂં......ગમાર.
વાડીલાલ
જીજી } લવારી જવા દે તારી ખાતે કાં લહે ખુવારી.
મોતીલાલ...ધમકીથી નકી દિલ માંહી ન ડરૂં, અનીતિ ન આચરૂં
પીડા પામીને મરૂં મારૂં ધાર્યું હું કરૂં
જીજી
છબીલ } ...વિ-તેથી પ્રિતેથી ચિન્તેથી સર્વે સમાં ચહાય.
મોતીલાલ...આવે એજ મારગે વિત્ત એજ જાય છે......ગમાર

(૩)

હેમાશા.........વરૂં હું માંડવામાં મંગળ ફેરા ચાર,
છગન
મગન } ...(એ મસાણમાં કે)
હેમાશા.........વરૂં હું છેલ છબીલી નાજુક નવલી નાર.
છગન
મગન } ...(એ ચીતાબાઈ કે)
હેમાશા......ઓઢી પહેરી બનું શોખીલો સ્વાર

છગન }
મગન } ...નતામી પાલખીને ઉપાડે ચાર

હેમાશા...ગીત ગવાશે

છગન }
મગન } ...પોક મુકાશે

હેમાશા......પાછળ ચાશે...વાહ...વાહ...વાહ

છગન } ...
મગન } ... પાછળ ચાશે...હાય...હાય...હાય

હેમાશા.........................ફરૂં હું માંડવા.

(૪)

વિરંચીલાલ...સત્ય બોલ શ્રેષ્ટમાન, સત્ય બોલ પ્રાણદાન
જગમાં જાહેર સત્યે થાવા ધર ધ્યાન...... સત્ય.
સત્ય આશા પ્રજ તાર,!! અંગની શોભા અપાર
સત્યે માથું કાપી આપી ક્ષિતિ છાપી
રહેવા ચીર અવનીમાં સત્યામૃત પાન............સત્ય.

(૫)

શાન્તિલાલ...રહે ધીર ધારી પ્યારી, વ્હાલી વીપત્તિ વિસારી

ગવરી.........કરે ચિત્ત ચીન્તા સ્વારી.........હાં...

શાન્તિલાલ... ... ...રહે...
આયુ અંત અવતાર છે જશ અપજશ પણ સાથ
સંપત વિપત્ત ધુપ છાંયડી એ સર્વે વિધિ હાથ

ગવરી..........મતી માનતી ન મારી

શાન્તિલાલ... ... ... વ્હાલી વિપત્તી વીસારી
ગવરી...મનુષ્યા દેહી મહેલ આ મનહર આવ્યો હાથ
બગડે તો સમરાવવા ફરજ આપણી નાથ
શાન્તિલાલ... ... ...ત્યારે કરશું તૈયારી...વ્હાલી

(૬)

સાવિત્રી...ધારણામાં સુળ ધારે વામી વાંકું વિચારે
સુખી છું હું તો મારે (૨) વારે વાર આ વિચારે...ધા.
દુરી જન દુષણ દેખે મારૂં મન ભુષણ પેખે
ખારૂં જળ લુણને લેખે(૨) વારે વારે આ વિચારે...ધા.
કળાઓ કુશળ કળે, ગુણ અવગુણમાં મળે
પુંડરીક પંક તળે (૨) વાર વારે આ વિચારે.....ધા.
અસાર સાર વસે, જેનવાજન મનડું ધસે
આંજણે આંખ લસે, (૨) વારે વારે આ વિચારે...ધા.

(૭)

મોતીલાલ...લવરી કરમાં કરમાં તું લવરી કરમાં
જડાવ... ...સૌ સુખ જરમાં જરમાં છે સૌ સુખ જરમાં
મોતીલાલ...આપી અવળો બોધ ક્રોધ તું મુજ અંતરમાં ભરમાં
ખાંતે પ્યારી વેરી નારી તું વિણ મોતે મરમાં
જડાવ... ...ઘરનાં છોકરાં ઘંટી ચાટે આટો દે પર ઘરમાં
ઝળઝળ પ્રગટે ઝાળ કાળ આવે એથી અંતરમાં
મોતીલાલ...પુત્રી વેચી પૈસા લેનારા નર ખપતા ખરમાં
એવી કરણી કરતાં લાગે આગ ભરેલા સરમાં

જલવ... ...જે નર પાસે જર નહી તે નર ખર સમ આ અવસરમાં
સરમાં શાની આગ લાગશે લાગી જર વિણ ઘરમાં

(૮)

વૃજલાલ તથા અમૃતલાલ.

અવસર આ આવ્યો અમારે, અમીરીનો આનંદ ઉભરાણો
વૃજ...કહે છે સાજન માજન વળી સૌ સગાં સંબંધી શાણો
અમૃ...સહુ નીશાળીયામાં રાણો, સંગ છેલ બટાઉ કહેવાણો.
જે કરે ખુશામત માગી તેને કહું મોજ માણો...અવસર.
વૃજ...આપું છું જર હાજર હુકમે, રહેતો નહિ તો પાણો
અમૃ...હું લઉં લાખેણી લાણો, હવે રહી શી હાણો
વૃજ...વળી રાંડો રાખું નાચ નચાવું, જગત ભલે જાણો...અવસર

(૯)

છછ.....દીવાળી દ્રષ્ટે દેખું રે દીન દીન દોઢી
લક્ષાધીપની કહેવા લાગે
લળી લળી સહુ લોક પ્રણમે સોસો વાર નમીને
જરા નમાવું ડોક, સુંદર સાડીરે અમુલ્ય ઓઢી...દી.
ડાહ્યા છે બે જાયા, ફુલાય દેખી કાયા
મસ્તાની થઇને મ્હાલું રે પલંગે પોઢી.....દીવાળી

(૧૦)

મોતીલાલ...

કુડું કાજ કરીયું મનવા ભૂલી ભામનીમાં

ભૂલી ભામનીમાં મનવા ભૂલી ભામનીમાં -કુડું.
અવિચળ ધાર્યો અગ્ની, દેખી દામનીમાં (મનવા)
ચાહ્યું તેજ સુરજ કેરું, જામી જામનીમાં—કુડું
વિદેહી થવા વિચાર્યું, કથા કામનીમાં (મનવા)
દોડયો પાપ પંથે જાવા, સતા રામનીમાં—કુડું.

(૧૧)

જડાવ...છુટી પડી સાહેલીના સાથથીરે હાં...હાં
આવી ઉતાવળી આગાર વૃજવાટમાં
સ્વેદે ભીંજાણી મારી કાંચળીરે હાં...હાં
વેણી વળગી ઝાડ ઝાંખરે રે હાં...હાં
ફાટયો સાળુ લાગી વાર-વૃજ
દાડમના બીજ જાણી તોડીયોરે હાં...હાં
સુડલે મોતી તણો હાર—વૃજ
છાતીમાં ઘાવ પડયા ચાંચનારે હાં...હાં
ઘટે નહીં શ્વાસ ઉર અપાર...વૃજ

(૧૨)

સાવિત્રી...વ્હાલા વીરા જઇને વાલમને પહોંચાડ પત્ર
તું આ વાર
તારા વીના ભાવે કોણ લાવે વેગેથી વહાલાના સમાચાર
ઉત્તમ...ધીરજ ધારે બેનડી, ઉતાવળી શું થાય
સાવિત્રી...વિરંચી વીર માહારી, પલ પણ ગયુ સમ જાય

વિરંચી વહાલો કયારે વરે
ઉત્તમ...આખી તું ગાંડી થઈ ખરે
સાવિત્રી...(હા) પ્યારો છે પ્યારો છે એ મા[illegible]માર
મારો છે મારો છે હૈયાનો હાર—[illegible]

(૧૩)

ઉમલા...

બાંધવ વિનાના બ્હેનના બહુ દોહીલા દહાડા
જાયરે...બાંધવ
પસલીને દીન* ઉરમાં જ્વાળા પૂરણુ પ્રગટ
થાય રે...બાંધવ
સાસરીયાંનાં દુખડાં રડી કોની પાસે ગાય રે
ન ભાઇ કહીને મેણુલાં મારે કેમ કહો
સહેવાય રે...બાંધવ
મોસાળું મંગળ વેળામાં નાવે; સરવે સુનું જણાય રે
ઠેસ લાગે તો ખમા વીરાને, કેમ કહો
કહેવાય રે...બાંધવ

(૧૪)

સાક[illegible]...

આવા ગમાર ગુણહીણુ ગતિ મતિ રતિ વીણુ
ગ્રહસ્થના બાળા
ભુલી ભણુતર ગણુતર શીખે ઠગ [illegible]
કોટ પાટલોન સ્ટૉકીંગ બુટમાં [illegible] માને

વડા વિવેકી વાત કરે તે ધારે નહીં ધ્યાને
માંસ મદિરા ખાતાં પીતાં કુળ કલંક કાળા...આવા.
ગલી ગલીમાં ગાયન ગાવાં એજ ગુણ ગણુતા
ગરીબ હસવા ગાળ મારના પુરા પાઠ ભણુતા
લ્હાળા માત પિતાના ઉર કરવા પ્રગટે જ્વાળા...આવા

અંક ૨ જો.

(૧૫)

ગવરી...

ગોવિંદ ગિરધારીને ચાચ્યું પતી મારે મોરારી...ગોવિંદ.
સંકટ સમયે સહાય કરીને તન મનની સહુ વ્યાધી હરીને
મળીએ હર્ષ ધરીને અંતર ઠારી...રે...... ગોવિંદ.

(૧૬)

સિંધાલા—વિરંચી.

આશીષ દેજો આપની મુદભરણી માતા

કરીએ સેવા જે અડસઠ તીરથ ગુણીજન સૌ ગાતા...આ.
સુખ પામશું દુઃખ વામશું જગ જામશું
ધન ધામશું...આ.

અવરી...સાણી વાણી સુણી વહે મુદ મનમાં
રહો ચીરંજીવી નીર ગંગી તનમાં

શિ. વિ....જનની તનની ફરજે વરતી કરશું ભકતી
કરશું જગતી...આ

(૧૭)

વિરંચીલાલ......

સંભારજે ના વીસારજે તારજેરે
દુઃખ દરીયાથી વિકળ મદન અનંગમાંથી ગણી દાસી પ્યાસી
પ્યારા પ્રેમ તણી ઘણી નેહની નજર નાખી... ... ...
દેજે અની રતિ ગતિ મની પતિ...સંભારજે ના વિસારજે
તરણી કરણી પરણી પ્યારે પરસ્પર પાળી પ્રેમી પદ પામી
રહું શિર નામી જુગે જશ જામી રહે એવી ધારી
કૃતિ વૃતિ દેખું મનહરણું મુદભરણું મુખડું સદાય... ...
સંભારજે

(૧૮)

શિવલાલ

હાય ગરીબી તણી જે પીડા અમીર શું જાણે
ઝળઝળ ઝાળ બળે મુજ મનમાં એનીજ મનમાં
કાંઇ નવ આણે

હાય...હાય...હાય...હાય...હાય ગરીબી.
જળ સુકાતાં સરીતા કેરૂં જળચર પામે દુઃખ ઘણેરૂં
દરીયાના પ્રાણી લે લહેરૂં જળવિણુ દુઃખ શું એહ પ્રમાણે
હાય...હાય...હાય...હાય...હાય ગરીબી.
ભૂખ ઉદરમાં શીરપર ભારો પીડા પામે જે કઠીયારો
શું જાણે સ્વારી કરનારો જમે ભાવતું જે નીત ભાણે
હાય...હાય...હાય...હાય...હાય ગરીબી.

(૧૯)

સાકરલાલ

જાણ્યું પ્રતી ઉત્તર થકી સઘળું કરતો વિચાર
ઉચ્ચ નીચ કયરિ કળું
વિષ તે વિષ ને સુધા સુધા છે જેવી જેવી કૃતિ
તેની તેવી શ્રધ્ધા છે...કરતો
શિવલાલને સુધા ગણું હું વ્રજલાલ વિષને નીત હણું હું.....
કરતો

(૨૦)

સાવિત્રી...

પત્ર પહોંચ્યો તારો પ્યારી રે (૨) દ્રગો ઠારીરે...પત્ર
એક એક અક્ષર પરે ક્રોડ ગિરા કુરબાન
આશ વધી ઉરમાં હવે, કયારે મુખ્ય કામ...દ્રગો
શરીર શહેરમાં જામીયું, કામદેવનું રાજ
હાર પમાડી તેહને, તરૂણી પહેરજે તાજ...દ્રગો

(૨૧)

સાવિત્રી...એ ના છોડી જાશો પ્યારા મારા.
વિરંચી...એ ના ગભરાશો ડાહી દારા
સાવિત્રી...વિતાવું દીન કેમ
વિરંચી...વિતાવ્યા જેમ તેમ
સાવિત્રી...જળવિણુ જખ જીવે નહીં અળગું ઘડીએ એક
વિરંચી...મોરારી મેળાવશે, નિરખીને તમ ટેક
સાવિત્રી...શ્રેણી સજું ગુણુતણી નિશદીન ભજું પતી
પળ પણ તજું નહીં ન્યારા ન્યારા
સતીના ધારા જાણું છું પ્યારા
વિરંચી...ધારી રહો સર્વ સારા.
સાવિત્રી...એ ના છોડી.
વીરંચી...વહાલી વિદ્યા મેળવી પ્રવીણ થાઉં પાસ
સાવિત્રી...પ્યારા પ્રેમે પૂરશે અવીનાશી તમ આશ.
વિરંચી...વાણી ફળે તમ તણી વિદ્યા વાટે મળે યશ
સંભારૂં હું પળેપળે દુખના આરા દેખશું દારા.
દીવસ સારા.
સાવિત્રી...બણો ભાવે કામણગારા.....એ ના છોડી.

(૨૨)

સ્ત્રીઓ......ફરજો ફરજો રે બેની સાસરીયાં સાથથી રે
પીયરીયાં વહાલાને નવ વિસરજો રે...ફરજો

જ્યારે પામો રે સાસરીયાનાં ભોજન
ત્યારે પીયરના ટુકડા નવ ભુલશો રે...ફરજો
ફરજો ફરજો રે બ્હેની નેહનવલા નાથથીરે
વિનવી પદ પુજી ભવસાગર તરજો રે...ફરજો
જ્યારે પામો રે સાસરીયાના સુચીર
ત્યારે પીયરના ચુંથા નવ ભુલશો રે...ફરજો

(૨૩)

સાવિત્રી તથા વિરંચી...

સા...મોહન મારા દ્રગ તારા પ્યારા પ્રાણાધાર
વારૂં તન મન પર વાર વાર
વી...વાહ રામા રમણી રતીથી પણ નમણી
પ્રેમી પ્યારી મળી મને સાણી તું સુખકાર...મોહન.
ધારી દ્રઢ ટેક સાચું શીયળ તું નીભાવજે
સા...નીભાવશે બચાવશે શ્રી જગતનો આધાર જે
વી...ધન્ય બુદ્ધી તારી સારી પ્યારી મારા પ્રાણ
સા...માણું મારા પ્રભુ પ્યારા હૈયાના હાર.....મોહન.

(૨૪)

પ્યારીજાન...

મેતો પૂજન ચલી હનુમાનકો...સૈયાં.
ચલી હનુમાનકો ચલી પ્રીય ધામકો...જુમ.
તેલકી પુરી હનુમાનકો ચડાવું

ઘીકી પુરી મેરે યારકા...સૈયાં
આકકે ફુલ હનુમાનકા ચડાતું
ચંબેલીકે ફુલ મેરે યારકા...સૈયાં.

(૨૫)

બધા...મેર કીધી માતાજીએ નાખ્યું વિઘ્ન કુડા કામમાં
કામમાં દામમાં નામમાં ગામમાં હામમાં...વાહ...મેર
હેમાશા...નીકળો નકીનો મારૂં મુડામાં
પેઠા કાં પારકા ધામમાં
બધા... ... ...નાખ્યું
દીવાની દાઝે કોડીયાં ફરડે ધૂળ પડી તારા નામમાં—નાખ્યું
હેમાશા...(શું કોઇની મા બ્હેન પરણ્યો છું હું)
બધા.....(એ શરમા શરમા જરા બોલે છે શું)—કામમાં વાહ

(૨૬)

સાકરલાલ
સાચે છે રાખ્યા જગપતી અતી દુઃખ ટળ્યું ટળ્યું નિતીથી
પામ્યો તું પ્રિતી રૂડી મતી થકી...દુઃખ
તારા આ રાહમાં જે ચાલે તે શાન્તી પામે ભ્રાંતી વામે
તુજ સમ આનંદી આનંદો હરનીશ અતી...દુઃખ

(૨૭)

સાવિત્રી...
નહીં ક્યાંયે મળે ન્યાયે, ચિત્ત ચરર ચરર (૨)

અન્યાય જોઇ ચિરાયે...નહી

સાંભળવા સુધા આપ્યું નીરખવા હળાહળ મરાલ

માનસર કહેવાયે

વિધી ગતી વાંકી અંતી જગતીમાં સ્થળ સ્થળ કાક મુકુટ

બક દર સાયે...હાય...હાય

વિદુર ભગત જેવાં દુઃખી જીંદગી વિતાવે, દુશાશન

સરખા સુખી થાવે

સજ્જન સંકટ સહે દુરિજન દ્રવ્ય લહે એ પણ છે

અતિ અન્યાયે...હાય...હાય

(૨૮)

ઉમયા તથા સખીયો...

આવ્યા આવ્યા અલબેલો ઉમંગમાં રે

વ્હાલો વાતડી વધા એક બ્યંગમાં રે

સખી સમજી તું શામળાના સાનમાં રે

ગયાં કેલી ગૃહમાં ગુલતાનમાં રે

પલંગ બીછાવ્યો પ્રસુમન ભાવ્યો, અબર અત્તરમય

શોભે રે

તકીયા ગાલ મશુરીયાં રૂડાં, મખમલમાં મન લોભે રે

પ્યારો પ્યારી પૂરે પ્રેમે પોઢયાં, આછાં ચીરો

અંગપરે ...

ખાતાં પીતાં રાત ગાળી રે, વ્હાલે, હસી દીધી હાથ તાળી
શામળે રે મને માર મારથી ઠીક ઠારી................
કર્યું અધરામ્રત પાન પ્રિતમ પ્યારે રે, આનંદ ઘન
વરસ્યો આજ દંપતિ દ્વારે રે
જ્યાં અનુપમ જામ્યો રંગ મળીયાં રાગી રે ત્યાં
સુણતાં કોયલ બોલ ઝબકી જાગી રે

(૨૯)

જયા...વેણી...

શિવ સરખા સુંદર વર વરતા, સખી શું શરમાઇ જાય જાય
ઉમયા...વરી વરી વહાલો વર મુજ મનહર નર શીદ
ડાહી થાય થાય
જયા...વેણી...તો છળથી કાં છુપાવો, અનંગ ...
હશો ઉર અપાર કરી પૂરણ પ્યાર સજી સકળ સાર...શિવ.
ઉમયા...હારી આ તમારી સુણી વાણી પ્યારી.
સખી મારી જાણું ના વિજારી ભારી હાય.
જયા...વેણી...ઉમર નાનડી ના ખમાય.
ઉમયા...કેમ હો સમજી સહાય.
જયા...વેણી...એ સમજતાં ...

ઉમયા...સમજ શું મળી પ્રિતમ પ્રેમદાવ
જયા...વેણી...............................હસી.

અંક ૩ જો.

(૩૦)

શિવલાલ...

અવની તળમહીં એજ સ્વામી શેવક ગતિ ગણિયે
સ્વામી 'સાકરલાલ' દાસ મુજ રંકિક ભણિયે
ગરલ પ્રાણ હરનાર સદાશિવ કંઠે ધારે
મહી ભાર ધરનાર શેષ પણ નહીં નિવારે---અવની.
વડવાનળ હર વારિ વારિધિ ઉર પર દોડે
મુજ ઉરમાં વિશ્વાસ મહદ અહી નવ તરછોડે-અવની.

(૩૧)

મોતીલાલ

જાત તનયાની જયકારી છે, ખરી ખાતે સહુ છે દુઃખ ભારી
મારી સાચી વાણી વિચારીને, આવી વન માંહે વિપત્તીધારી
સરાણે હીરા વા સંગ્રામે ધીરા શોભે છે જીવન વારી
એવી આ તનયા ચડી કસોટીએ હીમ્મત હૈયેથી નવ હારી

સિંધુ સંસારે શી વહે છે તારે હોડીને હામથી તારી
જોગી તો તારતા માયાથી દુર થઇ નીકટ રહી છે મન
મારી રે–ખરી

(૩૨)

સાવિત્રી...

આવો પ્રિતમ પ્રાણ દયોને દરશન દાસીને
નહીં તો થાશે હાણુ ખોશો પ્રેમની પ્યાસીને.

(૩૩)

વિરંચી...

ઉગ્યો અનુપમ ભાણુ રેણી વિયોગી ટાળવા
નહીં દે સરોજ જાણુ હિમરૂપ કામે બાળવા

(૩૪)

સાવિત્રી...વિરંચી...પ્યારથી પ્યારો પ્યારી ભેટયાં, ઉદય પામ્યો સૂરજ સોનાનો
સાવિત્રી...ચકોરી પુરી પ્રેમે ઇન્દુને નીહાળી
વિરંચી...પારસ મણી પામી પ્યારી લોહાકૃતી ટાળી
સાવિત્રી...યોવન બગીચાના માળી
વિરંચી...થયો ભાગ્યશાળી
સાવિત્રી...હસી આપો તાળી
વિરંચી...ગઇ આશવાળી જો માનો......પ્યાર
સાવિત્રી...હીરાકણી હાટક સંગે હવે જડાણી
વિરંચી...પ્રીતીપય પાણીની પેરે પ્રમાણી

સાવિત્રી...લાખેણી લેશુંજી લાણી
વિરંચી...વાહરે મીઠી વાણી
સાવિત્રી...મળ્યાં મીન પાણી
વિરંચી...હતો હું ઘેલો શાણી વિનાનો......પ્યાર

(૩૫)

જડાવ...
ન ક્યાંયે વિરામી જવું જ્યાં નડે ત્યાં કૃતિ મુજ કામી...ન
ભરી પાપ ભારો ફરૂં રાન માંહે જરી ધીર ના આવે
હવે ધ્યાન માંહે
જુવાનીને જોરે કુડે કામ જામી...........ન ક્યાંયે
પતી પૂત્રી પિડયાં પુરી પાપિણી હું
સદાયે ડસી છું બની સાપિણી હું
હવે હાય હારી હઠીલી હરામી...........ન ક્યાંયે

(૩૬)

ઉમયા...વિખવાણી કહું તાણી રહેશો કહેશો વહુ શાણી
તો સુખ સરીતા માંહે વહેશો કહેશો જ્યાં પાણી ત્યાં
ત્યાં આપું દુખ આણી
ગવરી...સીતા સરખી વધુ વડે કૌશલ્યા કહેવાઉં
દઉં નહીં દિવટ ટળવા છણકાથી ખુશી થાઉં
ઉમયા...હસવાની એ વાત ઉચારી વિસારી વરવાણી
કહુ કહુંના આણી
ગવરી...વાહ શાણી મતી જાણી તમારી વિચારી
મે ધારી ગુણો ખાણી

(૩૭)

સાખી

રેરેરે પ્રભુ તેં સહાય કરી કરી કરૂણા કેશવ અમ પર
મુદભર મનહર સુખ આપી સંકટ હર્યાં ઉર રહેમ ધરી...રે
પૂત્ર બનાવ્યા પંડીત સરીખા, જોઇ નેત્ર મારાં ઠરતાં
પૂત્ર વધુઓ પણ મળી ઉત્તમ નિરખી હરખું નજરે ફરતાં
નવ નિધ રિધ સીધ વિધ વિધ વૈભવ ઠરે ઉર ભરપૂર
જોઇ સંપ ઘરેરે હરી પાળી મમ પતી તણી ટેક ખરી......રે

(૩૮)

જીજી......

અરજી મારી ઉરમાં ધારો, આધાર અમને એક તમારો
વેર વિસારી વ્હાલ વધારો, દુઃખ નિવારો,
હાં હાં હાં......અરજી
બેડી અમારી બુડવા લાગી, સંસાર સાગર માંહી અભાગી
ઇજત કુવા સ્થંભ ગયો ભાગી, તમેજ તારો, હાંહાંહાં—અરજી

(૩૯)

ઉમયા શિવલાલ......

હાંરે મારા ભોળા ભરથાર વારી બલીહારી હું
યૌવન શ્રણગાર
શિવ...હાંરે વાલા મારી મધુરી તું નાર હાંરે થયો મારો સુખી
આ સંસાર
હાંરે પ્રેમે માનું પ્રભુનો આભાર—મારા

શાણી સુંદર નારી જોઇ પ્રિતી તમારી આનંદ
પામ્યો અપાર

ઉમયા...દાસી તમારી છું પ્રિતમની પ્યારી છું જીવનજી
મારા આધાર

શિવ...હાંરે વાહવા પ્યારી તમારો શો પ્યાર

ઉમયા...હાંરે થયા મારા હૈયાકેરા હાર......મારા

(૪૦)

બધા...ધાઓ પ્રીતે નિતિ રીતિ મગ માંહ્ય પામો પુરી પ્રિતિ જગ
માંહ્ય નીતિ સુધાની પ્યાલી પીઓ પાઓ, નિતિ નાવે
સંસારાબ્ધિ સ્હેજે તરી જાઓ

નીતિ ભાનું તાપે દુઃખ રજની જશે, થશે સુખ
પૂંડરિક પ્રફુલ્લીત

પરમ પૂજ્ય પદવી પમાડો મીઠો મેવો આપે એવો
સ્નેહે સેવો

લ્યો લાખેણો લ્હાગો... ... ...ધાઓ

સમાપ્ત.

જીઓ સીઓ દસ્તુર.

ચાર્મીંગ પીલ્સ (ધાતુ પૌષ્ટીક ગોળીઓ

આ ગોળી લાંબા વખતના અનુભવ બાદ એના ગુણ વીષેની પકી ખાત્રી થયેથી બહાર પાડવામાં આવી છે. પાંડુરોગ, નજળો, માથાનો દુખાવો, હાથ પગની કળતર, મગજનું ખાલી પડવું, જઠરાગ્નિનું મંદ પડવું, સ્વપનાવસ્થા વીર્યશ્રાવ કુછંદ તથા કુટેવથી પ્રાપ્ત થયેલી નબળાઇ તથા નપુશકપણું તેમજ થતો ક્ષય એ દરદોપર આ ગોળીએ ખાસ ચમત્કારી રીતે અસર કરે છે એથી મંદ પડેલી જઠરાગ્ની સતેજ થાય છે ખોરાક હજમ થાય છે શરીરમાં દીનપર દીન લોહીનો વધારો થતો જાય છે નબળી પડેલી નસોને તાકાત મળે છે અને મગજ સ્થીર થાય છે એ ગોળીની બનાવટમાં ફોસફરસ દરમીયાન ફોકો (લેકટેઇટ) ઓફ પેપેઇન (પેપ્ટોનાઇઝડ પેપઇન) તેમજ બીજી પોષ્ટીક દવાઓ વાપરવામાં આવી છે ૪૨ ગોળીની સીસીની કી. રૂ૦ ૧.

સ્પેશીફીક ફીવર મીક્ષચર.

ત્રીજીઓ, રોજીઓ, એકાંતરીઓ, ચોથીઓ, પીત જવર, જીર્ણ જવર તેમજ લાક્ષણીક તાવ (બીજા દરદનાં લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જવર (તાવ) માટે આ હમારૂં મીક્ષચર એક રામબાણ ઉપાય છે એ મીક્ષચર (તાવ) હોય યા ન હોય તો પણ લીધામાં આવે છે, કી. રૂ૦ ૦।।।.

સ્પેશીફીક ફીવર પાઉડર.

આ પાઉડર રોજીઓ, એકાંતરીઓ, ચોથીઓ, પીત જવર, જીર્ણ જવર તેમજ લક્ષણીક તાવ (બીજા દરદના લક્ષણ તરીકે આવતો તાવ) જંગલી ફીવર વીગેરે તમામ જાતના જવર (તાવ) માટે આ હમારો પાઉડર એક વીજળી મીસાલે કામ કરે છે એ પાઉડર માટે હમો હમારે મોઢે કહેવાં કરતાં સુરત જીલ્લામાંના કોઇ પણ માણસને પુછવાથી ખાતરી થશે ગરીબ લોકોના ફાયદાને માટે આ હમોએ ખાસ પાઉડર કાઢયો છે એ પાઉડર (તાવ હોય યા ન હોય તો પણ લેવામાં આવે છે).

વેચનાર ઠાકોર બ્રધર્સની કું. કેમીસ્ટ કણપીઠ સુરત.